# BUSINESS મિત્ર

## 2025માં સ્મોલકેપ તથા મિડકેપ શેરોનું ખરાબ પ્રદર્શન

**2025ના** વર્ષ દરમિયાન બ્લચીપ શેરો ચમક્યાં, નવા વર્ષમાં સ્મોલ અને મિડકેપ્સમાં સારી રિકવરીની અપેક્ષા, લાર્જકેપ્સ સાથેના પર્ફોમન્સ ગેપમાં ઘટાડો થશે

મુંબઇ, તા. 25: ચાલુ વર્ષે વૃદ્ધિની દ્રષ્ટિએ જોઇએ તો સ્મોલ કે મિડકેપ શેરોની સરખામણીએ બ્લુચિપ શેરો પાછળ રહી ગયા છે. છેલ્લા બે વર્ષની જોરદાર રેલી બાદ ઊંચા વેલ્યુએશનને કારણે સ્મોલ-મિડકેપ શેરોમાં પ્રોફિટ-બુકિંગ થયું હતું. નિષ્ણાતો એમ પણ કહે છે કે રૂપિયો નબળો પડવા, યુએસ તથા ભારત વેપાર વાટાઘાટો અંગેની ચિંતાઓ અને વિદેશી ભંડોળના સતત પ્રવાહને કારણે પણ વ્યાપક બજારમાં તીવ્ર જોખમ ઊભું થયું છે.

આગળના માર્ગ અંગે બજારના નિષ્ણાતો માને છે કે સ્મૉલકેપ અને મિડકેપ સૂચકાંકોનો દ્દષ્ટિકોણ સાવચેતીપૂર્વક આશાવાદી રહે છે. જેમ જેમ વેલ્યુએશનમાં ઘટાડો થાય છે અને આવકની વિઝિબિલિટીમાં સુધારો થાય છે, જેમ જેમ ભારતની સ્થિર જીડીપી વૃદ્ધિ અને મજબૂત સ્થાનિક પ્રવાહિતા પસંદગીની તક પૂરી પાડશે.

આ વર્ષે 24 ડિસેમ્બર સુધીમાં, બીએસઈના મિડકેપ ગેજમાં 360.25 પોઈન્ટ અથવા 0.77 ટકાનો નજીવો વધારો થયો હતો. જોકે બીએસઈ સ્મૉલકેપ ઈન્ડેક્સ 3,686.98 પોઈન્ટ એટલે કે 6.68 ટકા ઘટ્યો હતો. તેનાથી વિપરીત બીએસઈના 30 શેરો વાળા સેન્સેક્સ આ સમયગાળા દરમિયાન 7,269.69 અંક એટલે કે 9.30 ટકા વધ્યા હતા.

પીટીઆઈના જણાવ્યા અનુસાર, ઓનલાઇન ટ્રેડિંગ અને વેલ્થ ટેક ફર્મ એનરિચ મનીના સીઈઓ પોનમુડી આર કહે છે, 2024 માં, બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સે 29 ટકાથી વધુનું વળતર આપ્યું હતું, જ્યારે મિડકેપ ઈન્ડેક્સમાં 26 ટકાનો વધારો થયો હતો. તે સેન્સેક્સ કરતાં ઘણું સારૂ હતું. આવી તિક્ષ્ણ રેલીઓએ વેલ્યુએશનને ઊંચા ધકેલી દીધા હતા, ખાસ કરીને નાની કંપનીઓમાં જ્યાં કમાણીની વૃદ્ધિ ભાવમાં વધારા સાથે તાલ મિલાવી શકી ન હતી.

આ વર્ષે, વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે, રોકાણકારોએ મજબૂત બેલેન્સશીટ અને સ્થિર કમાણીની દશ્યતા સાથે લાર્જકેપ શેરો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. સ્મોલકેપ અને મિડકેપ કંપનીઓને વધુ અસ્થિરતાનો સામનો કરવો પડ્યો હતો કારણ કે તે ભંડોળના ખર્ચ, માર્જિન દબાણ અને આર્થિક મંદી માટે વધુ સંવેદનશીલ છે. પરિણામે, મૂડી બ્લુ-ચિપ શેરોમાં સ્થાનાંતરિત થઈ, જેના કારણે વ્યાપક બજાર સેગમેન્ટમાં સાપેક્ષ ખરાબ પ્રદર્શન થયું. માર્કેટ એનાલિસ્ટના જણાવ્યા અનુસાર, સ્મોલ અને મિડકેપ શેરો સામાન્ય રીતે સ્થાનિક રોકાણકારો દ્વારા ખરીદવામાં આવે છે, જ્યારે વિદેશી રોકાણકારો બ્લુ-ચિપ શેરો અથવા મોટી કંપનીઓના શેરો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ઈક્વિટી રિસર્ચ અને એસેટ મેનેજમેન્ટ ફર્મ ટ્રસ્ટલાઈન હોલ્ડિંગ્સના સીઈઓ એન અરૂણાગિરી કહે છે કે જ્યારે બજારો સમય સુધારણામાંથી પસાર થાય છે, જેમ કે સપ્ટેમ્બર 2024થી છે, ત્યારે તે સમજી શકાય છે કે નાના અને મિડકેપ શેરો અન્ડરપર્ફોર્મ કરે છે.

અમેરિકા અને ભારત વચ્ચેની વેપાર વાટાઘાટો અંગેની ચિંતા અને એફઆઈઆઈ (ફોરેન ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ) દ્વારા સતત વેચાણને કારણે રૂપિયો અચાનક નબળો પડ્યો હતો. આને કારણે વ્યાપક બજારમાં તીવ્ર જોખમઓફ પ્રતિક્રિયા આવી.

ગયા વર્ષે બીએસઇ સેન્સેક્સ 5898.75 અંક એટલે કે 8.16 ટકા વધ્યો હતો, જ્યારે નિફ્ટી 1913.4 અંક એટલે કે 8.80 ટકા વધ્યો હતો. ગયા વર્ષે બીએસઇ સ્મોલકેપ ગેજ 12506.84 પોઇન્ટ એટલે કે 29.30 ટકા અને મિડકેપ ઈન્ડેક્સ 9605.44 પોઇન્ટ એટલે કે 26.07 ટકા વધ્યો હતો.

માસ્ટર કેપિટલ સર્વિસિસના ચીફ રિસર્ચ ઓફિસર રવિ સિંહના જણાવ્યા અનુસાર, સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સ માટે આગળનો માર્ગ સાવચેત પરંતુ આશાવાદી લાગે છે. જેમ જેમ વેલ્યુએશન ઘટે છે અને કમાણીની દશ્યતામાં સુધારો થાય છે, તેમ તેમ ભારતની સ્થિર જીડીપી વૃદ્ધિ અને મજબૂત સ્થાનિક પ્રવાહિતાએ પસંદગીની તકો રજૂ કરવી જોઈએ. લાર્જકેપ શેરો સ્થિરતા પ્રદાન કરવાનું ચાલુ રાખી શકે છે, જ્યારે વ્યાપક બજારો કમાણીની પુનઃપ્રાપ્તિને આગળ ધપાવી શકે છે.

તેમણે કહ્યું કે, અમારું માનવું છે કે અહીંથી ચલણ મુખ્ય ચલ બની જાય છે. જેમ જેમ રૂપિયો સ્થિર થાય છે અને ધીમે ધીમે તેની ઐતિહાસિક રીઅલ ઈફેક્ટિવ એક્સચેન્જ રેટ એવરેજ તરફ સામાન્ય થાય છે, તેમ તેમ વ્યાપક બજાર મૂલ્યાંકન પરનું દબાણ હળવું થવું જોઈએ. આવી સ્થિતિમાં અમે સ્મોલ અને મિડકેપ્સમાં સારી રિકવરીની અપેક્ષા રાખીએ છીએ, જેના કારણે લાર્જકેપ્સ સાથેના પર્ફોમન્સ ગેપમાં ઘટાડો થશે.

## ટીસીએસ 12 જાન્યુઆરીએ ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે

**ડિવિડન્ડ** પણ નક્કી કરાશે, રેકોર્ડ તારીખ 17 જાન્યુઆરી નક્કી કરવામાં આવશે

મુંબઇ, તા. 25: દેશનીસૌથી મોટી આઈટી કંપની ટીસીએસે જણાવ્યું હતું કે કંપની ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના પરિણામો 12 જાન્યુઆરીએ જાહેર કરશે. આ સાથે શેરબજારમાં આજના દિવસથી ત્રીજા ક્વાર્ટરની કમાણીની સીઝન પણ શરૂ થશે. ટીસીએસે સ્ટોક એક્સચેન્જને મોકલેલી નોટિસમાં જણાવ્યું હતું કે તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક 12 જાન્યુઆરી, 2026 ના રોજ થશે.

આ બેઠકમાં કંપની નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટર માટે ડિસેમ્બર ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપશે. ઉપરાંત, 31 ડિસેમ્બર, 2025ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિનાના સમયગાળાના પરિણામો પર પણ વિચારણા કરવામાં આવશે.

શેરહોલ્ડરોને આપવામાં આવેલી માહિતી મુજબ, બોર્ડ આ બેઠકમાં નાણાકીય વર્ષ 2025-26 માટે ત્રીજા વચગાળાના ડિવિડન્ડની ચુકવણી અંગે પણ નિર્ણય લેશે. ડિવિડન્ડ માટે પાત્ર શેરહોલ્ડરોને ઓળખવાના ઉદ્દેશ્ય સાથે, કંપનીએ શનિવાર, 17 જાન્યુઆરી, 2026 ની રેકોર્ડ તારીખ નક્કી કરી છે. ટીસીએસે અગાઉ બીજા ક્વાર્ટરમાં શેર દીઠ 11 રૂપિયાનું વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું હતું.

કંપનીએ એ પણ સ્પષ્ટતા કરી હતી કે ટીસીએસના શેરમાં ટ્રેડિંગ વિન્ડો બુધવારે 24 ડિસેમ્બર 2025થી નાણાકીય પરિણામોની ઘોષણાના 48 કલાક સુધી બંધ રહેશે. આ નિયમ ઇનસાઇડર ટ્રેડિંગને લગતી માર્ગદર્શિકા હેઠળ લાગુ કરવામાં આવ્યો છે.

અગાઉ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ટીસીએસનો દેખાવ મિશ્ર રહ્યો હતો. કંપનીની આવક વાર્ષિક ધોરણે 2.4 ટકા વધીને 65799 કરોડ રૂપિયા થઈ છે, જે બજારના અંદાજ કરતાં વધુ સારી છે. બેન્કિંગ, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને ઈન્શ્યોરન્સ સેગમેન્ટની મજબૂતીએ આ વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. કંપનીએ સંકેત આપ્યો હતો કે નાણાકીય વર્ષના બીજા ભાગમાં વૃદ્ધિ વધુ સારી રહેવાની ધારણા છે.

જો કે, સેગમેન્ટ સ્તરે, બીએફએસઆઈ સેગમેન્ટની આવકમાં લગભગ 1 ટકાનો વધારો થયો છે, જ્યારે ગ્રાહક, હેલ્થકેર અને મેન્યુફેક્ચરિંગ વર્ટિકલ્સની આવકમાં અનુક્રમે 2.9 ટકા, 2.2 ટકા અને 1.1 ટકાનો ઘટાડો થયો છે.

નફાની વાત કરીએ તો સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ટીસીએસનો કોન્સોલિડેટેડ પ્રોફિટ 1.4 ટકા વધીને રૂપિયા 2075 કરોડ થયો હતો, પરંતુ તે બજારના અંદાજથી ઓછો હતો.

કંપનીએ જુલાઈમાં જાહેરાત કરી હતી કે તે નાણાકીય વર્ષ 2026માં તેના કર્મચારીઓમાં લગભગ2ટકાનો ઘટાડો કરશે, જે લગભગ 12,200 મધ્યમ અને વરિષ્ઠ મેનેજમેન્ટ હોદ્દાઓને અસર કરશે. સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન કંપનીના હેડકાઉન્ટમાં 19755નો ઘટાડો થયો હતો, જે અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો માનવામાં આવે છે.

## ઉંચા ફુગાવા વચ્ચે સક્રિય રોકાણકારોને 2026માં 22 ટકા સુધીના વળતરની અપેક્ષા

**36 મોટી** કંપનીઓ અને 46 મિડકેપ કંપનીઓના આકર્ષક વેલ્યુએશન વચ્ચે નિફ્ટી 500ના લગભગ 66 ટકા શેરો મોંઘા વેલ્યુએશન પર ટ્રેડ કરી રહ્યા છે

મુંબઇ, તા. 25: બુધવારે જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ ભારતીય શેરબજારનો લગભગ 63 ટકા હિસ્સો હાલમાં ઓવરવેલ્યુએટ છે. તેમ છતાં, વર્ષ 2026 સક્રિય રોકાણકારો માટે નફાની સારી તક છે.

ઓમ્નિસાયન્સ કેપિટલના એક રિપોર્ટ મુજબ નિફ્ટી 500નો પ્રાઈસ-ટુ-અર્નિંગ રેશિયો 24 ગણો વધુ છે, જે બજારને મોંઘો બતાવે છે. જોકે, રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે 36 મોટી કંપનીઓ અને 46 મિડકેપ કંપનીઓના વેલ્યુએશન હજુ પણ આકર્ષક છે, જે તેમને રોકાણની સારી તકો બનાવે છે. રિપોર્ટ અનુસાર, નિફ્ટી 500ના લગભગ 66 ટકા શેરો મોંઘા વેલ્યુએશન પર ટ્રેડ કરી રહ્યા છે, જ્યારે સ્મોલકેપ શેરોમાં વેલ્યુએશન પ્રેશર વધુ દેખાય છે. તેમ છતાં 150માંથી 89 સ્મોલકેપ કંપનીઓના શેર વાજબી કે ઓછા મૂલ્યે ઉપલબ્ધ છે. તે જ સમયે, 100 મોટી કંપનીઓમાંથી લગભગ 63 ટકા શેર પણ વાજબી મૂલ્યાંકન અથવા સસ્તા માનવામાં આવે છે.

## ઇન્ફોસિસે ફ્રેશર્સને હવે 21 લાખ રૂપિયા સુધીનું પેકેજ ઓફર કરશે

**ફ્રેશર્સ** માટે પગાર વધારાને પગલે ઇન્ફોસિસ ભારતીય આઇટી કંપનીઓમાં એન્ટ્રી લેવલ પર સૌથી વધુ પગારદાર કંપની બની ગઇ

મુંબઇ, તા. 25: આઈટી કંપનીઈન્ફોસિસે ફ્રેશર્સના એન્ટ્રી લેવલ પગારમાં વધારો કર્યો છે. વિશિષ્ટ તકનીકી ભૂમિકાઓ માટે વાર્ષિક 21 લાખ રૂપિયા સુધીના પેકેજ આપવામાં આવી રહ્યા છે. કંપની એઆઇ-પ્રથમ ક્ષમતાઓને મજબૂત કરવા અને ડિજિટલી પ્રતિભાશાળી લોકોને આકર્ષવા માટે ભરતીમાં વધારો કરી રહી છે. નવા વિકાસ સાથે, ઈન્ફોસિસ ભારતીય આઈટી કંપનીઓમાં એન્ટ્રી લેવલ પર સૌથી વધુ પગારદાર કંપની બની ગઈ છે.

ઈન્ફોસિસ 2025 એન્જિનિયરિંગ અને કમ્પ્યુટર સાયન્સ સ્નાતકો માટે ઑફ-કેમ્પસ હાયરિંગ ડ્રાઇવ શરૂ કરી રહી છે. ઉદ્દેશ વિશિષ્ટ તકનીકી ભૂમિકાઓ માટે પ્રતિભાની ભરતી કરવાનો છે. વાર્ષિક પેકેજ ૭ લાખથી ૨૧ લાખ રૂપિયાની રેન્જમાં હશે.

જે ભૂમિકાઓ ઓફર કરવામાં આવી રહી છે તેમાં સ્પેશિયાલિસ્ટ પ્રોગ્રામર અને ડિજિટલ સ્પેશિયાલિસ્ટ એન્જિનિયરનો સમાવેશ થાય છે.

## ભારતના ટેક્સટાઈલ સેક્ટરે 2025માં મોટી પ્રગતિ હાંસલ કરી

**ટેક્સટાઇલ** સેક્ટરમાં રોકાણ અને નિકાસમાં નોંધપાત્ર વધારો થયો: કેન્દ્ર

નવી દિલ્હી, તા. 25: ભારતના ટેક્સટાઈલ સેક્ટરે 2025માં રોકાણ અને નિકાસમાં જંગી ઉછાળો નોંધાવ્યો છે, જે સરકારી પ્રોત્સાહક યોજનાઓ અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે હાથ ધરવામાં આવેલા આર્થિક સુધારાઓ દ્વારા સમર્થિત છે. સરકારે પ્લગ એન્ડ પ્લે સુવિધા સહિત વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓથી સજ્જ 7 પીએમ મિત્રા પાર્કના નિર્માણને મંજૂરી આપી છે. આ પાર્ક માટે 4445 કરોડ રૂપિયાનું બજેટ નક્કી કરવામાં આવ્યું છે. આ પાર્ક તમિલનાડુ, તેલંગાણા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આવશે.

અત્યાર સુધીમાં 27434 કરોડ રૂપિયાથી વધુના રોકાણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને પાર્ક માટે 100% જમીન પણ ખરીદી કરવામાં આવી છે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૧૧૨૦ |
| તેજાબી સોનું | ૧૪૧૦૩૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૪૦૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૮૩૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૧૧૨૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૬૩૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૭૮૫૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

## બાંગ્લાદેશની સરકાર જ ભારત વિરોધી ભાવનાઓને ભડકાવી રહી છે




બાંગ્લાદેશ વિજય દિવસના બે દિવસ પછી, ૧૮ ડિસેમ્બરની રાત્રે બે ટોચના મીડિયા હાઉસ અને કેટલીક સાંસ્કૃતિક સંસ્થાઓ પર હિંસક ટોળાંઓ દ્વારા હુમલા કરવામાં આવ્યા. ઇન્કલાબ મંચના કન્વીનર અને પ્રવક્તા ઉસ્માન હાદીના મૃત્યુ બાદ, ઉશ્કેરાયેલા ટોળાંએ બે મીડિયા હાઉસ પ્રથમ આલો અને ધ ડેઇલી સ્ટાર તેમ જ છાયાનૌત ભવન પર હુમલો કર્યો, તોડફોડ કરી અને તેને આગ લગાવી દીધી. આ સંસ્થાઓને ભારતના એજન્ટ અને ફાસીવાદના મિત્રો તરીકે ચિતરવામાં આવી છે. વિશ્લેષકો કહે છે કે ભારતે બાંગ્લાદેશને તેના સ્વતંત્રતા સંગ્રામમાં મદદ કરી હતી ત્યારથી સરહદી વિસ્તારોમાં હત્યાઓ અને પાણીની વહેંચણી જેવા મુદ્દાઓમાં ભારતની ભૂમિકા અથવા તેની આંતરિક બાબતોમાં દખલગીરીના આરોપોને કારણે બાંગ્લાદેશમાં ભારત વિરોધી લાગણીઓ ઘણી વાર ઊભરી આવી છે. ઘણા લોકો માને છે કે તાજેતરના હુમલાઓ ભારત વિરોધી લાગણીઓનું પ્રતિબિંબ છે, જે બાંગ્લાદેશના રાજકારણમાં સમયાંતરે જોવા મળે છે.

વિશ્લેષકો કહે છે કે વચગાળાની સરકારના ૧૬ મહિનાના કાર્યકાળ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડી ગઈ છે. હવે આ અસ્થિર પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો ચૂંટણી છે. ઘણા રાજકારણીઓએ એવી આશંકા વ્યક્ત કરી છે કે કોઈ જૂથ આગામી ચૂંટણીઓને વિક્ષેપિત કરવા માટે ભારત વિરોધી ભાવનાનો ઉપયોગ કરીને હિંસા ભડકાવી રહ્યું છે. બાંગ્લાદેશમાં ઘણા સમયથી વિવિધ કારણોસર ભારત વિરોધી ભાવના ફેલાઈ રહી હતી. તેને ગયા વર્ષે જુલાઈના આંદોલન પછી એક નવું પરિમાણ મળ્યું હતું. શેખ હસીનાએ ભારતમાં આશ્રય લીધા બાદ બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં તણાવ પેદા થયો છે. શેખ હસીનાના પ્રત્યાર્પણની વિનંતી છતાં તેમને પાછા મોકલવામાં ભારતની નિષ્ફળતા અને ઉસ્માન હાદીની હત્યા પછી આરોપીઓ ભારત ભાગી ગયા હોવા અંગે મીડિયાની ઝુંબેશને કારણે બંને દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં તણાવ વધ્યો છે. જોકે, સરકારે કહ્યું છે કે આરોપીઓના દેશ છોડવા અંગે કોઈ નક્કર પુરાવા મળ્યા નથી. બાંગ્લાદેશ પોલીસના એડિશનલ ઇન્સ્પેક્ટર જનરલ ખંડકર રફીકુલ ઇસ્લામે જણાવ્યું હતું કે અમે હજુ સુધી પુષ્ટિ કરી શક્યા નથી કે આરોપીઓ સરહદ પાર કરી ગયા છે કે નહીં.

પ્રથમ આલો અને ધ ડેઇલી સ્ટારે આરોપ લગાવ્યો છે કે હુમલાખોરો સ્થળ પર પહોંચે તે પહેલાં સરકારને ઉચ્ચ સ્તરે મદદ માટે વિનંતી કરવા છતાં તેમને કોઈ મદદ મળી નથી. પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે ઘટનાસ્થળે સુરક્ષા દળો પહોંચ્યા છતાં, તેમણે ભીડને કાબૂમાં લેવા માટે કોઈ કાર્યવાહી કરી નહીં. આ જ કારણ છે કે હિંસા અને આગચંપીમાં સરકારની ભૂમિકા પર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. અત્યાર સુધી કોઈપણ સંસ્થા પર સરકારી નિયંત્રણના કોઈ પુરાવા નથી. એવું લાગે છે કે વચગાળાની સરકાર આ બધી ઉશ્કેરણી અને હિંસાને પ્રોત્સાહન આપી રહી છે.

વિશ્લેષકો કહે છે કે બાંગ્લાદેશના રાજકારણમાં સમયાંતરે ભારત વિરોધી મુદ્દાનો ઉપયોગ થતો રહ્યો છે. મીડિયા સંસ્થાઓ, સાંસ્કૃતિક સંગઠન છાયાનૌત અને ધનમોન્ડી-૩૨ ના નિવાસસ્થાને તાજેતરમાં થયેલી તોડફોડ દરમિયાન ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ હુમલાઓ દરમિયાન જમાત-એ-ઇસ્લામી અને વિદ્યાર્થી સંગઠનોના નેતાઓ પણ આ સંસ્થાઓ વિરુદ્ધ નિવેદનો આપતા જોવા મળ્યા હતા. ગયા ગુરુવારે ઉસ્માન હાદીના મૃત્યુના સમાચાર ફેલાતા સ્વયંભૂ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. ત્યાર બાદની બેઠકમાં રાજશાહી યુનિવર્સિટી વિદ્યાર્થી સંઘના પ્રમુખ મુસ્તકુર રહેમાને કહ્યું કે અમે આજના કાર્યક્રમ દ્વારા જાહેરાત કરીએ છીએ કે અમે પ્રથમ આલો અને ધ ડેઇલી સ્ટાર જેવા અખબારો બંધ કરીશું. તે જ દિવસે, જમાત-એ-ઇસ્લામીની વિદ્યાર્થી પાંખ, છાત્ર શિબિરની જહાંગીરનગર યુનિવર્સિટી શાખાના સચિવ મુસ્તફિઝુર રહેમાને કહ્યું કે રાજકીય સંઘર્ષ દ્વારા બાંગ્લાદેશ માટે વાસ્તવિક સ્વતંત્રતા

ધ પોઇન્ટ
સમકિત શાહ

પ્રાપ્ત કરવી શક્ય નથી. આપણી લડાઈ શહીદ ઉસ્માન હાદીના ઇન્કલાબ મંચના સાંસ્કૃતિક સંઘર્ષથી શરૂ થશે. કાલે બામ, શાહબાગી, છાયાનત અને ઉદીચીનો નાશ કરવો પડશે. ત્યારે જ બાંગ્લાદેશ વાસ્તવિક સ્વતંત્રતા પ્રાપ્ત કરશે. શાહબાગી શબ્દ ૨૦૧૩ ના શાહબાગ વિરોધ પ્રદર્શન પરથી આવ્યો છે. તેવી જ રીતે છાયાનૌત એક મુખ્ય સાંસ્કૃતિક સંસ્થા છે અને ઉદીચી દેશનું સૌથી મોટું સાંસ્કૃતિક સંગઠન છે. ૧૯૬૧માં સ્થપાયેલું છાયાનૌત બંગાળી ઓળખ, સંગીત, કલા અને પરંપરાઓને જાળવવાનું કામ કરે છે. ટાગોર સંગીત આ સંસ્થાનો એક અભિન્ન ભાગ છે.

ઇસ્લામિક સ્ટુડન્ટ કેમ્પે દાવો કર્યો છે કે તેમના નેતાઓ દ્વારા કરવામાં આવેલી ખોટી ટિપ્પણીઓને કારણે આ હુમલા માટે સંગઠનને દોષી ઠેરવવાનું કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. સંગઠને આવા પ્રયાસોનો સખત વિરોધ કર્યો છે, પરંતુ સચિવ પરિષદના અધ્યક્ષ નુરુલ કબીર કહે છે કે ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવા એ તેમના ધર્મ આધારિત રાજકારણને મજબૂત બનાવવા માંગતા જૂથો માટે અનુકૂળ છે. જુલાઈના બળવા પછી ભારત સામે રોષ વધુ વધ્યો છે. હવે, હાદીના મૃત્યુ પછી તેમના ધર્મ આધારિત રાજકારણને મજબૂત બનાવવા માંગતી વ્યક્તિઓ અથવા સંગઠનો આ ભાવનાનો નવી અને વધુ અસરકારક રીતે ઉપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

છાયાનૌતે આ હુમલાના સંદર્ભમાં ૩૦૦ થી વધુ અજાણ્યા લોકો સામે ફરિયાદ નોંધાવી છે. પ્રથમ આલો અને ધ ડેઇલી સ્ટાર પર થયેલા હુમલાના સંદર્ભમાં ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી છે. જોકે, ઘટનાના દિવસે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ઘણા વીડિયોમાંથી એકમાં એક સૈન્ય અધિકારી હુમલાખોરોનો સામનો કરવાને બદલે તેમની સાથે વાટાઘાટો કરતા જોવા મળ્યા હતા. તે હુમલાખોરોને ઇમારતમાં ફસાયેલા પત્રકારોને બચાવવા માટે વીસ મિનિટનો સમય માંગતો પણ જોવા મળ્યો હતો. નુરુલ કબીર કહે છે કે સરકારના એક જૂથના સમર્થનને કારણે હિંસાની આવી ઘટનાઓ બની રહી છે. ધ ડેઇલી સ્ટાર અને પ્રથમ આલોના કાર્યાલયો પર થયેલા હુમલા પછી શાસક સરકાર દ્વારા હસ્તક્ષેપ કરવામાં વિલંબ એ સંપૂર્ણ નિષ્ફળતા છે. હું કહીશ કે સરકાર, વહીવટ અને મોહમ્મદ યુનુસ સરકારના મંત્રીમંડળમાં ચોક્કસપણે એવા લોકો છે જે ઇચ્છતા હતા કે આ ઘટનાઓ બને. નેશનલ સિટીઝન પાર્ટી (NCP) ના કન્વીનર નાહિદ ઇસ્લામે પણ આવા જ આરોપ લગાવ્યા છે. પાર્ટીનો હવાલો સંભાળતા પહેલાં નાહિદે લગભગ સાડા સાત મહિના સુધી વચગાળાની સરકારના સલાહકાર તરીકે સેવા આપી હતી. સોમવારે અખબારના સંપાદકોના સંગઠન એડિટર્સ કાઉન્સિલ અને માલિકોના સંગઠન ન્યૂઝપેપર ઓનર્સ એસોસિએશન દ્વારા આયોજિત સંયુક્ત વિરોધ રેલીમાં બોલતા નાહિદ ઇસ્લામે કહ્યું કે આ ઘટના પછી અમે કહીએ છીએ કે વચગાળાની સરકારમાં રહેલું એક જૂથ પણ આ હુમલાઓમાં સામેલ છે.

ઇન્કલાબ મંચના યુવા નેતા ઉસ્માન હાદીનું ૧૮ ડિસેમ્બરે અવસાન થયું હતું. ૧૨ ડિસેમ્બરે ઢાકામાં અજાણ્યા હુમલાખોરોએ તેમને ગોળી મારીને હત્યા કરી હતી. ગયા અઠવાડિયે જ બાંગ્લાદેશમાં એક હિન્દુ ફેક્ટરી કામદારને ટોળાંએ જાહેરમાં માર માર્યો હતો. આ પછી, ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં પહેલાથી જ ચાલી રહેલો તણાવ અચાનક વધી ગયો હતો. તણાવ એ હદ સુધી વધી ગયો છે કે બંને દેશોએ અસ્થાયી રૂપે વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી છે. શેખ હસીનાને સત્તા પરથી હટાવ્યા પછી બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામી એક મહત્ત્વપૂર્ણ રાજકીય શક્તિ તરીકે ઊભરી રહી હોય તેવું લાગે છે. પાકિસ્તાની જમાત-એ-ઇસ્લામી અને બાંગ્લાદેશની જમાત-એ-ઇસ્લામી વૈચારિક રીતે સમાન છે, જે બાંગ્લાદેશના મુક્તિ યુદ્ધ પર પ્રશ્ન ઉઠાવે છે. બાંગ્લાદેશની જમાત-એ-ઇસ્લામી મુક્તિ યુદ્ધમાં ભારતની ભૂમિકા પર સવાલ ઉઠાવી રહી છે. શેખ હસીનાના ગયા પછી બાંગ્લાદેશના મુક્તિ યુદ્ધના ઐતિહાસિક વારસા પર પણ હુમલાઓ શરૂ થયા હતા. બાંગ્લાદેશના સ્થાપક પિતા શેખ મુજીબુર રહેમાનના ઘર પર હુમલો કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામી મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારને ટેકો આપી રહી છે. આવી ઘણી ઘટનાઓ બની છે જે દર્શાવે છે કે પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાનની નજીકતા ભારત માટે ખતરાની ઘંટડી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પ્રથમ આલો અને ધ ડેઇલી સ્ટારે આરોપ લગાવ્યો છે કે હુમલાખોરો સ્થળ પર પહોંચે, તે પહેલાં સરકારને ઉચ્ચ સ્તરે મદદ માટે વિનંતી કરવા છતાં તેમને કોઇ મદદ મળી નથી**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**નોકરી વિષયક**

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

**જોઈએ છે**
નામાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

**ડીલવરી મેન જોઈએ**
છે ઈલેક્ટ્રીકલ્સ પરચૂરણ સામાન સપ્લાઈ કરવા માટે માણસ જોઈએ છે. મળો, 108, સ્વાતી ચેમ્બર્સ ગલેમંડી દિલ્હીગેટ ચાર રસ્તા સુરત Mob: 9824250302

**જોઈએ છે**
માર્કેટિંગ ફિલ્ડ એક્જીક્યુટી. સિમેન્ટ લાઈનના 2થી 3 વર્ષના અનુભવી. ઓલ ગુજરાત માટે. જે ફિલ્ડમાં ફરી માર્કેટિંગ કરી શકે, તેવા સંપર્ક કરો- 9099805499

**H R Executive**
જોઈએ છે Female અનુભવી સુરત (કદોદરા) પગાર 25000/- TO 30000/- 9712624442 (704)

**સુપ્રસિધ્ધ ઘડિયાળનાં**
શોરૂમમાં કેશીયર તરીકેની ફરજ બજાવવા માટે કોમ્પ્યુટરની જાણકારી આવશ્યક છે. કોન્ટેક્ટ:- 8488977214

**માણસ જોઈએ છે**
અનાજના સુપર સ્ટોરમાં પેકીંગ, ડીલીવરી અને પરચુરણ કામ માટે. ઈશ્વરલાલ એન્ડ સન્સ ચલીયાવાલા 9227986400

**"લોન વિષયક"**
1 લાખ થી 5 લાખ રૂપિયાની લોનની જરૂરત હોય તો એપોઈન્ટમેન્ટ લઈને સંપર્ક કરો
લોન-કન્સલટન્ટ વિજય ખેડેકર મો.નં. 7202820113

**જોઈએ છે.**
કમ્પ્યુટર તથા પેકીંગનાં જાણકાર અનુભવી લેડીઝ ઉમેદવાર રૂબરૂ મળો. 307-308 ત્રીજેમાળે ઓટોગ્રાફ ધી-કમર્શિયલ હબ બીલ્ડીંગ રાજહંસ ઓલમિયાની સામે ભટારરોડ, સુરત. સોમથી શનિવાર- સવારે 12થી 5 દરમિયાન

**Wanted**
Sincere Experienced Karigar for Tea Coffee Icecream Faluda for Surat 8140478652

**સુરતના જાણકાર**
બાઈક ધરાવતા અનુભવી સેલ્સમેન ઓર્ડર લેવા માટે જોઈએ છે. 9913397989

**મિલ્કત ભાડેથી**

**વેસુમાં ફ્લેટ ભાડે**
આપવાનો છે 3 બેડરૂમ રાજહંસ સિમ્ફોનિયામાં 9879276073 (703)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત ભાડેથી**

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
25 વર્ષની જૈન યુવતી માટે વેલ સેટલ યુવક આવકાર્ય 9512318416

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**વરદાન ટ્રાવેલ્સ**
જૂના જાણીતા રાજુ મોદી. 17500/- સુરતથી સુરત. કેરેલા, કન્યાકુમારી, મદુરાઈ, રામેશ્વર, જટાયુ ઉપડશે 20- ફેબ્રુઆરી, 12- દિવસ, કાશ્મીર, વૈષ્ણોદેવી, અમૃતસર ઉપડશે 27- માર્ચ 13- દિવસ. બ્રેકફાસ્ટ, ડિનર, સ્ટાર હોટલ, (સ્પેશિયલ ગોવા 5 દિવસ 8500/-) 9374512979 (702)

**સાગર 9427113317**
ધૂળેટીમાં શાહપુરા ખાટુશ્યામ સાંવરિયાજી, શનિ, રવિ, શિરડી, સપ્તશ્રૃંગી, મહાલક્ષ્મી 2501/-

**3/ જાન્યુઆરી**
દરરોજ મહામઘ મેળો પ્રયાગરાજ, (9/ જાન્યુઆરી ખાટુશ્યામ, જયપુર) 9825967888

**કચ્છ રણોત્સવ**
જાણીતું અને માનીતું નામ. કિંજલ શાહ સંગાથે માણો સફેદરણ/ ભુજ/ માતાનો મઢ અને માંડવીની મુલાકાત. બુકિંગ શરૂ થઈ ચુક્યું છે. (જુજ ટીકીટો બાકી) Joy Enjoy Travel Planner. 9426157371

**મિલ્કત વેચવાની છે**

**વેચાણથી**
નાનપુરામાં ફ્લેટ, ગોપીપુરામાં દુકાન, પરસોલીમાં પ્લોટ, ચોકબજારમાં ઓફિસ, મો. નં: 9825821151

**ભટારમાં**
ફૂલ ફર્નિશ બંગ્લો વેચવાનો છે વનિતા પાર્કમાં 142 વાર 3 બેડરૂમ 9879276073 (705)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.